# પાલનપુર-મહેસાણા વચ્ચે ટ્રેનનો ટ્રેક ધોવાઈ જતા મુસાફરો અટવાયા





સતત પડી રહેલા ભારે વરસાદના કારણે રેલવે સેવા પણ ખોરવાઈ છે જેના લીધે મુસાફરોની દયનીય હાલત થઈ ગઈ હતી. ગત રાતે સાડા નવ વાગ્યા પછી ટ્રેન સેવા બંધ થવાથી મુસાફરો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. ઉત્તરગુજરાતમાં ભારે વરસાદના લીધે પાલનપુર અને મહેસાણા વચ્ચેના રેલવે ટ્રેક વરસાદી પાણી ધોવાઈ જવાના લીધે રેલવે વિભાગે ૧૫ જેટર્લી એક્સપ્રેશ ટ્રેનને રદ કરી દીધી હતી. તેની વાડા વાડા નજીક રેલવેના પાટાના વરસાદી પાણીથી ધોવાઈ જતા રાત્રે ૯ વાગે અમદાવાદથી દિલ્હી જતી આશ્રમ એક્પ્રેસને ધારીવાડા પર રોકવામાં આવી હતી. જેથી આખી રાત રેલવે મુસાફરોએ ટ્રેનમાં વિતાવી હતી તેમજ સ્થાનિક લોકો દ્વારા મુસાફરો માટે ચા પાણીની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. જોકે રેલ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓએ યુધ્ધના ધોરણે કામગીરી શરુ કરતા આજે ૧૧ વાગ્યા સુધીમાં ટ્રેન સેવા રાબેતા મુજબ શરૂ કરવામાં આવી હતી. જોકે કલાકો સુધી ટ્રેન વ્યવહાર બંધ રહેતા મુસાફરો ને અધવચ્ચે ટ્રેન માં જ રાત ગુજારવાની નોબત આવી હતી જેથી મુસાફરો એ પોતાનો રોષ કેમેરા સમક્ષ ઠાલવ્યો હતો રેલવે માં અમદાવાદ થી રાજેસ્થાન જઈ રહેલી જયોતિ નામની યુવતી ના આવતીકાલે લગ્ન હોવાથી તેના પરિવાર માં જોરશોર થી તૈયારી ચાલી રહી હતી પોતાના માદરે વતન જતી યુવતી અને તેના પરિવાર પણ ટ્રેન માં ફસાઈ ગયા હતા આજે તેની સામાજિક લગ્ન વિધિ માં આખું પરિવાર રેલવે સેવા ખોરવાઈ જવા ના લીધે સમયસર વતન માં પોહચી ન શકવાના લીધે તેને કેમેરા સમક્ષ પોતાનું દુઃખ વ્યકત કર્યો હતો ભારે વરસાદ ના લીધે રેલેવે ટ્રેક પાણી માં ધોવાઈ જવાના લીધે અજમેર અમદાવાદ ,અમદાવાદ અજમેર ,આબુરોડ અમદાવાદ ,જયપુર અમદાવાદ ,તેમજ અમદાવાદ જોધપુર રેલવે સેવા સહિત ૧૫ જેટલી એક્સપ્રેસ ટ્રેન રદ કરવામાં આવી હતી જો કે અમદાવાદ રેલવે ના ઉચ્ચ અધિકારીઓએ વરસાદી પાણી માં ધોવાઈ ગયેલા રેલવે પાટા નું નિરક્ષણ કર્યા બાદ આજે રાબેતા મુજબ રેલવે સેવા ને શરૂ કરવામાં આવી હતી.

## ધાનેરામાં મેઘમહેર

### ખુલ્લી ગટરમાં કાર પડી જતા બે કલાકની મહેનતે બહાર નીકાળી : ગટરો બ્લોક : શહેરના અનેક વિસ્તાર પાણીમાં ગરકાવ

ધાનેરામાં વહેલી સવાર થી શરુ થયેલા વરસાદે સર્વ ધાનેરા માં પાણી-પાણી કરી નાખ્યું હતું અને સમગ્ર ધાનેરા પાણી માં ગરકાવ થયું હતું તો બીજી તરફ આજે ફરી વાર ધાનેરા રહેલી ખ્યલ્લુ ગટર લોકો માટે ખતરા રૂપ સાબિત થઈ હતી.

છેલ્લા બે દિવસ થી ધાનેરા સહીત સમગ્ર બનાસકાંઠા જિલ્લા માં ધીમી ધારે વરસાદ શરુ થયો હતો પરંતુ આજે વહેલી સવાર થીજ ધોધમાર વરસાદ શરુ થતા લોકોમાં ભારે ખુશી નો માહોલ જોવા મળ્યો હતો વહેલી સવાર થી શરુ થયેલા વરસાદે ધાનેરા માં પાણી પાણી કરી નાખ્યું હતું અને શહેર ના અને વિસ્તાર માં ઢીચણ સમા પાણી ભરાયા હતા , ત્યારે આજે ધાનેરા માં ખુલ્લી ગટર ફરી એકવાર લોકો માટે ખાતર રૂપ સાબિત થઈ હતી એક કાર ચાલાક પોતાની કાર લઈ ધાનેરા ની લાધાપુરા પ્રાથમિક શાળા પાસેથી પસાર થઈ રહ્યો હતો તે સમયે બાજુ માં રહેલી ખુલ્લી ગટરમાં ગાડી પડી જતા લોકો ના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને ગાડી માં રહેલા લોકો ને તાતકાલિક બહાર નીકળ્યા હતા તે બાદ ૨ કલાક ની મહા મહેનત બાદ ગાડી ગટર માંથી બહાર નીકાળી હતી તો બીજી તરફ નીચાણવાળા વિસ્તાર માં રહેલા લોકો ના ઘરો માં પાણી ઘુસી જતા લોકો ને ભારે મુશ્કેલી નો સામનો કરવો પડ્યો હતો ધાનેરા ના લોકો ઈચ્છી રહ્યા છે કે ધાનેરા નગરપાલિકા જાગૃત બને અને તમામ ગટરો ની સાફ સફાઈ કરાવે જેના લીધે વરસાદી પાણી નો આસાની થી નિકાલ થઈ શકે અને ખુલ્લી ગટરો તાત્કાલિક ઢંકાવે જેથી મોટી હેનારત થતી અટકાવી શકાય.





## દેલવાડા તળાવમાં ડૂબી જતા ત્રણ યુવકોના મોત

પાલનપુર તાલુકાના દેલવાડા ગામમાં તળાવમાં ડૂબી જવાથી ત્રણ યુવકોના મોતથી ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. એક જ ગામ જવાન જોધ ત્રણ દીકરાના મોતથી પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો. બનાસકાંઠા જિલ્લામાં ૨૪ કલાકમાં પડી રહેલા અતિ ભારે વરસાદથી ગામના તળાવો પાણીથી ભરાઈ ગયા છે. ત્યારે ગામના તળાવને નજીકથી નિહાળવા જતા આ ગામ એક યુવકનું પગ લપસી જવાના લીધે માટી ગરકાવ થઈ ગયા હતા. પાણીમાં ડૂબતા મિત્રને બચાવ જતા બીજા બે મિત્રો પણ પાણીમાં ડૂબી જવાથી મોત નીપજ્યું હતું. ધોરણ-૧૨માં અભ્યાસ કરી રહેલા ૧૭ વર્ષીય શૈલેષ ભાટિયા, સંજય ભાટિયા અને સંજય રાવળના મોતથી દેલવાડા ગામમાં દુઃખની લાગણી પ્રસરી હતી. આ તમામને પાલનપુરની સિવિલ હોસ્પિટલમાં પીએમ માટે લાવવામાં આવ્યા હતા. જ્યાં ગામ લોકો અને પરિવારજનો ચોધાર આંસુએ રડી પડ્યા હતા.

## મહેસાણામાં આજે સતત ચોથા દિવસે મેઘમહેર સતત જારી રહી

સમગ્ર ગુજરાતમાં મેધરાજા એ ધમાકેદાર એન્ટ્રી કરી છે. મહેસાણા માં આજે સતત ચોથા દિવસે મેઘમહેર સતત જારી રહી હતી. ક્યાંક ધોધમાર તો ક્યાંક છુટાછવાયા ઝાપટા સ્વરૂપે વરસાદ પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. મહેસાણા ના મીની હિલ સ્ટેશન તરીકે જાણીતા સતલાસણા તાલુકા માં વરસાદ શ્વાથી વધુ નોધાયો છે એકજ રાત માં ૬ ઈંચ જેટલો વરસાદ નોધાયો હતો. જયારે મહેસાણામાં નીચાણ વાળા વિસ્તાર માં ઠેરઠેર પાણી ભરાઈ ગયા હતાં. અને મહેસાણા જિલા ના ધરોઈ ડેમ માં નવા નીર ની આવક આજ સ્વારે થવા ગઈ છે પરતું હજુ પણ તેના તળિયા ઝાટક જ છે. જ્યારે આજે રેલ્વે ના ટ્રક પર પાણી ફરીવળતા મહેસાણા થી પાલનપુર રૂટ દાય્વ્ત કરવાની ફરજ પડી હતી અને ૨૦૦ મુસાફરો ને ટીકીટ પરત કરવાની ફરજ તંત્રને કરવી પડી હતી હાલ માં રૂટ ચાલુ થવા ગયો છે.

મહેસાણા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકથી સાર્વત્રીક વરસાદ પડવાનું શરૂ થઈ ગયું છે. ચેલા ૪ દિવસ માં વરસાદે મહેસાણા માં શરૂવાત કરી છે. જેમાં મહેસાણા ના અન્ય તાલુકા ને બાદ કરતા સતલાસણા તાલુકામાં સૌથી વધુ વરસાદ ખાબક્યો હતો. ગત ૨૪ કલાક માં ૬ ઈંચ વરસાદ નોધાયો છે. જ્યારે કડી, મહેસાણા, વડનગર અને ઊંઝા વિસનગરમાં જોટાણા માં વરસાદ સારો એવો પડ્યો છે જ્યારે ખેરાલુમાં વરસાદ નહિવત નોધાવા ગયો છે. આ વરસાદ ના આકડા જોતા વાવણીલાયક વરસાદ જિલા માં થતાં ધરતીપૂત્રો ખુશ ની લ્હેર પશરી છે. જોકે સમગ્ર જિલા માં વરસાદ સારો એવો નોધાયો છે જ્યારે ઉપર વાસ માં વરસાદ ન આવતા હજુ પણ ધરોઈ ડેમ નવા નીર ની આવક જોઈ એ તેવી નોધાઈ નથી. અને હજુ ડેમ માં પાણી ખાલી રહેવા ગયું છે. ધરોઈ ડેમ માં હાલ ની સપાટી ૫૯૪.૫૦ ફૂટ છે જ્યારે હાલ નો પાણી નો જથ્થો ૭૨.૭૪ ઘનફૂટ છે. જ્યારે નવા નીર ની આવક ૧૯૪૦ ક્યુસેક આજે સ્વારે આઠ વાગ્યા સુધી નોધાઈ છે. ધરોઈ ડેમ ની ભય જનક સપાટી ૬૨૨ ફૂટ છે. જ્યારે ગત વર્ષે ડેમ ઓવર ફળો થવાથી ડેમ ના ૧૦ દરવાજા ખોલવાની ફરજ પડી હતી. જ્યારે આજે રેલ્વે ના ટ્રક પર પાણી ફરીવળતા મહેસાણા થી પાલનપુર રૂટ દાય્વ્ત કરવાની ફરજ પડી હતી અને ૨૦૦ મુસાફરો ને ટીકીટ પરત કરવાની ફરજ તંત્ર ને કરવી પડી હતી હાલ માં રૂટ ચાલુ થવા ગયો છે.

## વરસાદને પગલે રોડ પર ખાડા પડી જતા વાહનચાલકો મુશ્કેલીમાં

ધાનેરામાં વરસાદને લઈ ગુજરાત રાજેસ્થાન ને જોડતો હાઈવે રોડ પર મોટા મોટા ખાડા પડી જતા વાહન વ્યવહાર ખોરવાયો હતો તોબીજી તરફ લોકોએ તંત્ર પર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે આ



રોડ વર્ષ માં બે વાર નવો બનાવવા માં આવે છે પણ હાલાકી ગુણવત્તાવાળું કામ થતું હોવાથી સામાન્ય વરસાદ માંજ આરોડ તૂટી જાય છે અને અને રોડ તૂટવાથી વાહનચાલકો ને ભારે નુકશાન ભોગવવાનો વારો આવે છે.

ધાનેરા ના તુલસી નગર સોસાયટી પાસે ગુજરાત-રાજેસ્થાનને જોડતા હાઈવે રોડ પર વરસાદ ને લઈ મોટા મોટા ખાડા પડી જતા વાહન ચાલકો ને અવાર જવર કરવું મુશ્કેલ બની ગયું હતું અને આ ખાડા કેટલાય વાહનો પડી પલટી પણ કહી ચુક્યા છે તો કેટલાક વાહન ચાલકોદ્વઈ આ ખાડા નું ભોગ બની ભારે નુકશાન વેઠવાનો વારો આવ્યો છે તો તમે પણ સાંભળો આ

**વાહન ચાલકો શું કહે છે**

ધાનેરા સ્થાનિક લોકોએ તંત્ર પર આક્ષેપ કરતા જણાવ્યું હતુ કે આ રોડ ગુજરાત રાજેસ્થાનને જોડતો મેઈન રોડ છે અને તંત્ર ધ્વરા આ રોડ વર્ષ માં બે વાર બનવવા માં આવે છે છતાં પણ આરોડ તૂટી જાય છે કારણકે આ રોડ માં હાલાકી ગુણવત્તા વાળું કામ કરી રોડ બનવવા માં આવે છે માટે રોડ ટૂંક સમય માં તૂટી જાય છે અને સરકાર ના લખો રૂપિયા પાણી માં વહી જાય છે.

રોડ પર પડેલા ખાડામાં વરસાદી પાણી ભરાઈ જતા ખાડા દેખાતા નથી અને અજાણ્યા વાહન ચાલકો પોતાનું વાહન આ ખાડા માં નાખેતો ભારે નુકશાન વેઠવું માટે તંત્ર જાગે અને આ રોડ નું નવીની કારણ કરે નહીંતર અત્યાર સુધી તો આ ખાડં વાહન પડે છે અને જો આવનાર સમય આ ખાડા લોકો માટે ગોઝારા સાબિત થાય તો કઈ નવાઈની વાત ન કહેવાય.



## ભિલોડામાં સાર્વત્રિક વરસાદથી આનંદ ઉલ્લાસ

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં સાર્વત્રીક મેઘમહેર મેહુલીયો મન મુંકીને ઝરમર-ઝરમર ધીમી ધારે વરસતાં ખેડુતોમાં ખુશીની લહેર પ્રસરી હતી. મેઘમહેરથી જન જીવન પ્રભાવિત થયું હતું. વાતાવરણમાં આહ્લાદક ઠંડક પ્રસરી હતી. કપાસ, મકાઈ, તુવેર, અળદ, મગફળી સહિત વિવિધ પ્રકારના મુરઝાતા ખેતીના પાકોને જીવતદાન મળેલ છે. અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારોમાં વારંવાર વીજ પુરવઠો ખોરવાતાં પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ભિલોડા તાલુકામાં છેલ્લા ચાર દિવસથી વરસાદી માહોલ સર્જાયો છે. ઝરમર-ઝરમર કાચુ સોનુ વરસતાં ખેડુતોમાં આનંદની લાગણી પ્રસરી છે. ખેડુતો અને ખેતમજુરો ખેતીના કામકાજમાં પરોવાયા છે. ભિલોડામાં ઠેર-ઠેર નિચાણવાળા સોસાયટી વિસ્તારોમાં અને કોમન પ્લોટોમાં વરસાદી પાણી ભરાયા હતા. ભિલોડા તાલુકામાં મેઘરાજા મન મુંકીને વરસે તેવી સૌ કોઈની મીટ મંડાઈ રહી છે. ભિલોડા તાલુકા મથક ખાતે તાડપત્રીનું ધુમ વેચાણ જોવા મળી રહ્યું છે. તાડપત્રીના વેપારીઓ સાર્વત્રીક મેઘમહેરના કારણે મન ફાવે તેમ તાડપત્રીના ભાવ વસુલ કરી રહ્યા છે.

## ઊંઝા તાલુકામાં મૂશળધાર વરસાદ : ગામો પાણીથી તરબોળ

ઊંઝા, તા. ૨

ઊંઝા તાલુકામાં ગત રાત્રિ દરમિયાન મૂશળધાર વરસાદ પડતાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારો પાણીથી તરબોળ બની ગયા હતા. ગત સાંજથી મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી શરૂ થતાં કલાકોમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. ભારે વરસાદના કારણે ઊંઝા રેલવે સ્ટેશન નજીક મહેસાણા તરફની રેલવે લાઈન પર ધોવાણ થતાં રેલવેના પાટા ખુલ્લા પડી ગયા હતા. જેથી આ ટ્રેક પર પસાર થતી ટ્રેનોની આવન-જાવન રોકી દેવામાં આવી હતી. શ્રી ગંગાનગરથી તિરૂઅનંતપુરમ જતી એસી સુપરફાસ્ટ ટ્રેનને રાતના પોણા દસ વાગ્યાના સુમારે ઊંઝા રેલવે સ્ટેશને થંભાવી દીધી હતી. આ ટ્રેનમાં મુસાફરી કરી રહેલા ૮૦૦ જેટલા મુસાફરોને સ્થાનિક લાયન્સ ક્લબ અને જેસીસ તરફથી ફૂડ પેકેટો આપવામાં આવ્યા હતા. પાટણ અને બનાસકાંઠા જિલ્લાઓમાં ભારે વરસાદ પડ્યો હતો. જેથી સિદ્ધપુર-પાલનપુર રેલવે સ્ટેશનો વચ્ચે રેલવે ટ્રેક પર ભંગાણ થતાં રાણકપુર-મુંબઈ બાન્દ્રા તથા આશ્રમ એક્સપ્રેસ ટ્રેનોને સિદ્ધપુર સ્ટેશને અટકાવી દેવામાં આવી હતી. બાદ સવારના સમયે રેલવે તંત્રે ઝડપથી ભંગાણવાળી જગ્યાએ મરામત કરતા ટ્રેન વ્યવહાર રાબેતા મુજબ શરૂ થયો હતો.

ઊંઝા પંથકમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન લગભગ પાંચ ઈંચ જેટલો વરસાદ ખાબકતાં જનજીવન પર માઠી અસર પડી છે. હાઈવેથી ઊંઝા શહેરમાં પ્રવેશવાના મુખ્ય માર્ગ પર આવેલ રેલવે અંડરબ્રિજમાં છલોછલ પાણી ભરાઈ ગયા હતા. જેના કારણે આ માર્ગ સદંતર બંધ થઈ ગયો હતો. આ બ્રિજની આસપાસની દુકાનોમાં પાણી ઘુસી ગયા હતા. તેમજ શહેરના નીચાણવાળા વિસ્તારો અને કેટલીક સોસાયટીઓમાં પણ વરસાદી પાણી ભરાયા હતા. જેથી લોકોને મુશ્કેલી વેઠવી પડી હતી. શહેરના ગામ તળાવમાં નવા નીરની આવક થતા તળાવ ઓવરફ્લો થયુ હતુ.

બીજુ આજે સવારે ઊંઝાથી વિસનગર તરફ જતા માર્ગ પર આવેલ રેલવે ફાટક કોઈક કારણસર દોઢ કલાક સુધી ન ખુલતા વિસનગર વિજાપુર તરફ જતી એસટી બસોને વાયા ઉનાવા ઐઠોરના રસ્તે વાળવામાં આવી હતી. તાલુકામાં ભારે વરસાદથી કોઈ જાનમાલને નુકશાન થયાના અહેવાલ મળ્યા નથી. આ સમાચાર લખાય છે ત્યાંસુધી સમગ્ર વિસ્તારમાં ધીમી ગતિએ વરસાદ પડી રહ્યો છે. ભારે વરસાદથી ખેતરોમાં પાણી ભરાયા છે. તેમજ તળાવો પણ છલકાયા છે અને નદીઓમાં પણ પાણી વહેતા થયા છે.

## મેઘરજમાં રોડ તળાવના કામોથી મુસાફરો હેરાન પરેશાન

મેઘરજ તાલુકો પછાત છે જેથી વિકાસના કામો ચોમાસાની શરૂઆતમાં જ શરૂ કરવામાં આવે છે. કારણ કે ખેડૂતો ખેતરમાં હોય ખેતીના કામમાં હોવાથી ધ્યાન કોણ આપે. તળાવ ઊંડા કરવામાં પણ ઠેકાણુ પડતુ નથી. રોડની સાઈડો પહોળી કરવામાં માંડ ૪ ઈંચ ખોદકામ થાય છે. હલકી મેટલ નાખીને જનતાને ખુશ કરવામાં આવે છે જે માટી કાઢી તેજ ઢાંકી દેવામાં આવે છે. ઘણી જગ્યાએ ખેતરમાં વાવેતર કરેલ તે માટી લેવામાં પણ ખેડૂતો રોષે ભરાયા હતા. મજૂરોથી જ કામો થાય છે. તાલુકા-જિલ્લાવાર કદિ મુલાકાત લેતા નથી. આગેવાનો વારંવાર રજૂઆતો કરે છે પરંતુ મન મનાવી લીધુ હોય પછી કોણ સાંભળે રેલ્લાવાડા ઈસરી તરકવાડા ખાખરીયાના કાર્યકરો વીજીલન્સની તપાસ માગવા સક્રિય છે.

